# લૉકડાઉન
# ચ
# રી



☐ આનંદિતા રૈયાણી

**જો** તમે એવું સમજતા હો કે માર્ચ એન્ડમાં ખાલી નોકરિયાતોને જ ચિંતા અને કામ હોય તો એવું બિલકુલ નથી. એમને તો ખાલી ઇન્કમટેક્સ ભરવાનું અને ક્લોઝિંગનું એમ ગણીને બે જ કામ હોય છે. પણ એમના કરતાં ઘણાં વધારે ચિંતા અને કામ મમ્મીઓને હોય છે. પહેલાં છોકરાંઓની પરીક્ષા હોય એટલે મમ્મીઓને માથે માથું ન હોય અને એ પતે પછી બાર મહિનાનાં ઘઉં અને મસાલાના સ્વાગતસત્કારનો રાષ્ટ્રીય કાર્યક્રમ તો હોય જ. એ વાત અલગ છે કે બધાં ઘરોમાં આ તહેવાર અલગ અલગ દિવસે ઉજવાય છે પણ ઉજવાય તો છે જ. હજુ તો "નમસ્તે ટ્રમ્પ"ના ફોટાય સોશિયલ મીડિયા

પર જૂના નહોતા થયા, એકબાજુ પરીક્ષાના પડઘમ વાગતા હતા ને ત્યાં જ અણધાર્યા અને વણનોતર્યા આવી પડેલા 'કોરોના'એ દેખા દીધી! કામનો બધો ક્રમ ખોરવાઈ ગયો.

કોરોનાની પહેલાં કોરોનાની જાણકારીઓ સાગમટે વોટ્સએપમાં ઊતરી આવી હતી. જેમ કે કોરાનાથી કેમ બચવું, હાથ કેમ ધોવા, વાઈરસ કઈ સપાટી ઉપર કેટલો સમય જીવે, શું સાવચેતી રાખવી, ઉકાળો શા માટે જરૂરી, સેનેટાઇઝર ઘરે કેમ બનાવવું, માસ્ક કેમ બનાવવું... આવું તો કેટલુંય આવ્યું. કોણ કહે છે માનવતા મરી પરવારી છે! નિઃસ્વાર્થ ભાવે માત્ર ને માત્ર બીજાને માહિતી આપવાના મહાન ઉદ્દેશ સાથે પોતાની કોમળ આંગળીઓને કષ્ટ આપતા એ પરોપકારી મનુષ્યો માટે મને અચાનક માન વધી ગયું. અમુક તો એવા વિરલાઓ પણ હતા જેમણે પરીક્ષામાં લખવાને બદલે આવા જ્ઞાનવર્ધક પ્લેટફોર્મ પર લખવાનું પસંદ કર્યું હતું! મને તો એમ હતું કે મારી ફોનબુકમાં કાં તો સગાં ને કાં તો સંબંધીઓ... પણ નહીં એ બધા તો ડોક્ટર અને વૈદ્ય નીકળ્યા... શું કરવું અને શું ન કરવું એની ફાઈનલ ગાઈડલાઈનય આવી ગઈ હતી. ક્યારે શું ખાવું-પીવું એનું ટાઇમટેબલય આવી ગયું, જાતજાતના ઉકાળાની રેસિપી આવી ગઈ. રેસિપી જોઈને આદું, અજમો, સૂંઠ અને મરી મારા રસોડામાં પ્રથમ પંક્તિમાં આવી ગયાં હતાં. આપણે તો લગભગ બધી જ ઉકાળાની રેસિપી સેવ કરી લીધી. વર્ષો પહેલાં કહેવત સાંભળી હતી કે સંઘર્યો સાપ પણ કામ લાગે એ વાત અલગ છે કે હજી સુધી સંઘરેલું મને તો ક્યારેય કામ નથી લાગ્યું, પણ હજીય આ વાતમાંથી મારો વિશ્વાસ તસુભાર ઓછો થયો નથી! કેમ... રામ જાણે! આપણને એમ કે આવા અનમોલ ઉકાળા સામે તુચ્છ એવા કોરોનાની શું વિસાત? આવ્યા ભેગો એને ઉકાળાથી જ ઉડાડી દેશું! સેવ કરતાં કરતાં મોબાઈલની બેટરી ફૂલ થવા લાગી હતી!

જેમ જેમ વાંચ્યું તેમ તેમ ઉચાટ અને ચિંતા વધતાં ગયાં. ન બોલવામાં નવ ગુણ એ હિસાબે ન જાણવામાં ઝાઝું સુખ હતું! પણ અફસોસ મેં તો જાણે પરીક્ષામાં ના પુછાવાનું હોય એમ બધુંય વાંચી લીધું! મારે તો સાપ ગયા અને લીસોટા રહ્યા એવું થયું! ભણવાનું પૂરું થયે તો વર્ષો થયાં પણ આદત ના બદલાઈ. પરીક્ષામાં મોસ્ટ imp પણ વાંચતાને એટલે એની અસરમાં બાકી હતું તો WHO (World Health Organisation)ની લગભગ બધી જ ટ્વીટ્સ વાંચી લીધી. મને તો જાણે હું 'કોરોના' પર પીએચ. ડી. ના કરવાની હોઉં એવું લાગવા માંડ્યું હતું! મહામારી વિષે શિક્ષકો

અને વડીલો પાસેથી ખાલી સાંભળેલું, હવે આ વિષે મારે પણ ભવિષ્યમાં કોઈને કહેવું પડશે એવું તો મેં સપનેય નહોતું વિચાર્યું. કોરોનાને ભૂલવાની કોશિશ પણ કરી, મજાલ છે કે કોઈ તમને ભૂલવા દે! અત્ર તત્ર સર્વત્ર કોરોના કોરોના થઈ ગયું હતું.

સોળ વર્ષની કન્યાને કોઈ અણદેખ્યો અને અજાણ્યો મનમાં વસવા લાગે એવું જ મને છેક હવે થવા માંડ્યું હતું! અને એય પાછું વાઈરસ માટે! આંખો બંધ કરતાં ન્યુઝમાં જોયેલો વાઈરસનો ફોટો આમથી તેમ ભાગતો દેખાવા લાગ્યો હતો. ક્રાઇમ પેટ્રોલ જોયા વગર જ બધા પર શક થવા લાગ્યો હતો. દૂધની કોથળીઓ, શાકભાજી, લિફ્ટનાં બટન, સીડીની રેલિંગ, દરવાજાનાં હેન્ડલ બધે આ વાઈરસ મહાશય હશે જ એવી અનુભૂતિ થવા લાગી હતી. થોડા સમય પહેલાં contagion નામની ફિલ્મ પરાણે બધા જોતા હતા તો જોઈ હતી. સાયન્સ ફિક્શનવાળી ફિલ્મો પ્રત્યે બોર્ડમાં સાયન્સમાં નવ્વાણું માર્કસ આવ્યા તોય પ્રેમ ન જ થયો! પરાણે પ્રીત ના થાય. સાચું કહું તો ત્યારે આ ફિલ્મ મને માત્ર લેખકની કલ્પનાશક્તિ જ લાગેલી. એક ટચુકડો વાઈરસ ખરેખર આટલો ખતરનાક હોઈ શકે એવું ત્યારે તો નહોતું લાગ્યું. આમાં હેશટેગ ઓનેસ્ટ કનફેશન જ સમજજો. પરિસ્થિતિની ગંભીરતા ફિલ્મ જોઈ હતી ત્યારે ખરેખર નહોતી સમજાઈ. એક અદશ્ય એવા વાઈરસથી સામાન્ય લાગતી જિંદગી કેટલી હદે બદલાઈ જાય છે એ માનવું ત્યારે મારા માટે સહેલું ન હતું. ત્યારે તો થયું હતું 'હોતું હશે આવું...!' એવું તો જો કે ઘણીવાર થયું છે. સ્કૂલમાં જ્યારે પહેલીવાર મોબાઈલ વિષે સાંભળ્યું ત્યારેય એવું જ થયું હતું 'હોતું હશે આવું!'

22 માર્ચના દિવસે સમગ્ર દેશ લૉકડાઉન પાળશે એ સમાચાર જોયા ત્યારે જિંદગીમાં પહેલીવાર લૉકડાઉન શબ્દ સાંભળ્યો હતો. અર્થ સમજવાને તો હજી ઘણી વાર હતી. કોરોનાના કપરા કાળમાં ડિક્શનરીમાં પેન્ડેમીક, કોવિડ 19, હાઈડ્રોક્સી ક્લોરોક્વીન, સોશિયલ ડિસ્ટન્સિંગ, ક્વોરન્ટાઈન જેવા ભારેખમ શબ્દો ઉમેરાયા હતા. મેડિકલમાં ગયા વગર જ ડોક્ટર જેવી ફિલિંગ્સ પણ આવવા લાગી હતી. અમેરિકા, ચીન, સ્પેન અને ઇટાલી જેવા દેશોના દર્દી અને ડોક્ટરોના ફોટા જોઈ વ્યથિત થઈ જવાયું. પહેલે જ દિવસે જ્યારે સંપૂર્ણ ભારતબંધનું એલાન હતું ત્યારે કોરોના સામેની લડાઈમાં લોકોને ખરા દિલથી મદદ કરનારા મેડિકલ સ્ટાફને બિરદાવવા થાળીનાદ કરવાનો છે એવું સમાચારમાં જોયું હતું. તે દિવસે સાંજે જ આપણા દેશના 'શૂરવીરો'ના ફોટા અને વિડીયો સોશિયલ મીડિયા પર અને ટીવીમાં જોયા. એ લોકો ગાતા તો ન

હતા તોય કોણ જાણે કેમ મને જાણે વાઈરસને કહી રહ્યા હોય કે...

ए बच्चु तु सुन ले....

એવું સંભળાતું હતું! લોકોનાં ટોળેટોળાં રસ્તા પર શક્તિપ્રદર્શનમાં ઊમટી પડ્યાં હતાં. ત્યારે લાગ્યું હતું કે આ લોકો આજ ને આજે કોરોનાની 'ઘરવાપસી' કરાવીને જ ઘરે જશે! ક્યાંક તો વળી વગર નોરતે શેરી-ગલીઓમાં ગરબાની રમઝટય બોલી! ધાબે પતંગ ય ઊડ્યા! જોઈને એવું લાગ્યું કે એમણે સ્વામી વિવેકાનંદનો વિચાર 'પોતાને નબળા સમજવું એ સૌથી મોટું પાપ છે.' આત્મસાત કરી લીધો હોય એવું લાગ્યું! લોકો પોતાને વાઈરસની સરખામણીમાં જરા પણ નબળા માનવા તૈયાર નહીં હોય એવું લાગ્યું. હજી હમણાં જ શીખેલા શબ્દ 'સોશિયલ ડિસ્ટન્સિંગ'નો અર્થ ડિક્શનરીમાં પાછો જોવો પડ્યો કેમકે જે જોયું એ પછી અમને અમારી સમજણ શક્તિ પર હવે શંકા થવા લાગી હતી. મન અવઢવમાં હતું કે આ કોઈ રોગ છે કે પછી કોઈ ઉત્સવ? એક સવાલ એ પણ થયો કે આટલા બધા લોકોને જે દેખાય છે, જે સમજાય છે એ આપણને કેમ નથી સમજાતું! આપણને કંઈક કેમિકલ લોચો તો નથી ને? એવી શંકાય થવા માંડી હતી. આવી મૂંઝવણમાં બાકી હતું તો સોશિયલ મીડિયા પર ટીપટોપ તૈયાર થયેલી બહેનોએ 'ગો કોરોના ગો'ના નાદથી ટાઈમ લાઈન પણ ગજાવી મૂકી. સોશિયલ મીડિયા પર તો થાળીનાદના વિડિયો મૂકવાની હરીફાઈનું તો શું કહેવું... ખરેખર જોરદાર હતી... આટલા બધા લોકોની બાલ્કની અને અગાસીમાં ડોકિયું કરવાનો આ અમારો પ્રથમ અનુભવ હતો. વળી નવીનતમ અનુભવ હોવાને નાતે આપણને તો ગમ્યો! થાળીનાદથી ઘર અને મોબાઈલ ધણધણી રહ્યાં હતાં.

આટલો થાળીનાદ સાંભળીને કોરોના બહેરો થયો હોત તો જલસો પડી જાત... મને લાગ્યું હતું કે આટલા બધા માણસોને પોતાની વિરુદ્ધ રસ્તા ઉપર જાતજાતનાં અને ભાતભાતનાં કરતબ કરતાં જોઈને અને બાકી હતું તો સોશિયલ મીડિયા પર પણ આટલી હદે ટ્રોલ થયા પછી 'સેલિબ્રિટી સ્ટેટસ' ભોગવતા આ કોરોનામાં કંઈ લાજ શરમ જેવું હશે તો એ ઊભી પૂંછડીએ ભાગી જશે... લોકોનો કોરોના પ્રત્યેનો લડાયક અભિગમ જોયા પછી જોન એલિયા સાહેબનો પેલો શેર...

अब नहीं कोई बात ख़तरे की
अब सभी को सभी से ख़तरा है

અજાણતાં જ યાદ આવી ગયો અને એક વિચાર એય આવ્યો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી આવા ભોળપણને શાણપણમાં ફેરવી શકાતું હશે કે કેમ?

❑❑❑



# આ દિવસોમાં

□ બકુલ ટેલર

**મારી** અંદર ગુફાઓ પણ છે. પૃથ્વીના આરંભે રચાયેલી હોય એટલી પુરાણી. મારા જ અસ્થિમાં મારા જ અશ્મિથી રચાયેલી ગુફા! મને તેનો ખ્યાલ જ નહોતો. આ શાંત, એકલા દિવસોમાં હું દિશાહીન ચાલતો હતો ત્યારે તે મને મળી. હું મારામાં વસી ગયો. જેમ તીવ્ર પ્રેમ એકલતા આપે છે તેમ મૃત્યુ પણ આપે છે. મારી સાથે રોજ મૃત્યુની પીઠ ઘસાતી હતી. હું કોકડું વળી જતો હતો. આ અત્યારે પણ તે જરાક દૂર ઊભું વાગોળે છે. તેની આંખ બંધ છે એટલો વખત હું તેની ભીંસની ભીંસથી મને મુક્ત અનુભવું છું.

આખી પૃથ્વી પર સ્તબ્ધતા પથરાયેલી છે. લોકો મૂંગી ચીસ પાડી રહ્યા છે. ચીજો બધી શાંત અને નિઃસહાય છે. તેને માણવા વિના ચાલતું ન હતું ને માણસો તેના વિશે પોતાને વ્યક્ત નહોતા કરી શકતા. પણ અત્યારે ચીજો પોતાનામાં પોઢી ગઈ છે.

માણસોના સ્પર્શવા સાથે જ તે સંતાપ અનુભવતી હતી. કોઈ અજાણી દોડમાં શામિલ થતી હતી. હમણાં તેને કોઈ પૂછતું નથી. તે પોતાને ઉપેક્ષિત અને અપમાનિત અનુભવે છે ને આજીજી કરે છે કે કોઈ મને અડો. તમારા વ્યવહારમાં મને શામિલ કરો. પણ અત્યારે કોઈને પોતાના સિવાયનો અવાજ સંભળાતો નથી. તરડાયેલો અવાજ! શૂન્યમનસ્કતામાંથી ઊઠતો અવાજ!

માઈલોમાં મપાતી દૂરતા રહી નથી. ઇટાલી, અમેરિકા, ચીન યા સ્પેનમાં બેઠેલા માણસના શ્વાસ મને અડે છે. તેનો અજંપો દરિયાના જળ જેમ અહીં મારી છાતી સુધી ઊંચા મોજે ઊછળતો આવી પછડાઈ છે ને પાછો તેનામાં ભળે છે. ભાષા-લિપિ એકાકાર થઈ ગઈ છે. બધા મરોડો અળસિયાં બની ભૂમિ પર સળવળી રહ્યાં છે. પોચાં પોચાં અને સ્નાયુ વિનાનાં. ભાષા-લિપિ જાગી. ટટ્ટાર થઈ, એકબીજાને ડારવા માંડી પછી પહેલીવાર આમ અળસિયું થઈ છે! મકાનો તેનામાં વસતા માણસોને લઈ આકાશમાં રાતે રાતે ઊડે છે ને સવાર થતાં પહેલાં પોતાના સ્થાને આવી એ રીતે ગોઠવાઈ જાય છે કે ઊડ્યા જ ન હોય!

આમ તો અહીં તમે ને હું છીએ પણ એકબીજાથી સંગોપાયેલા, છાના, ચૂપ. હથેળીમાં સ્પર્શની સ્મૃતિઓ ટળવળી રહી છે. શબ્દો ઉચ્ચારતાં જ પ્રગટતી ઉષ્મા અત્યારે ભીતર ગોળ ઘૂમરાઈ ને વંટોળ જગાવી રહી છે. ક્યારેક મને ઊંડે પાતાળે. ક્યારેક ઊંચે આકાશે જવાનું મન થાય છે. પણ મારા પગે મારો ભાર એટલો વધી ગયો છે કે જાણે હું ગુરુત્વાકર્ષણ ગુમાવી બેઠો હોઉં!

દેશોના દેશ નાનાં ટપકામાં ફેરવાઈ ગયા છે ને માણસો એવા આંકડામાં જેમાં રોજ બાદબાકી લખાયેલી હોય. રસ્તાઓ પર સૂનકાર પથરાયેલો છે. જો આમ ને આમ રહેશે તો અહીં જંગલો ઊગી આવશે. રસ્તાઓએ ક્યાંય જવું નથી કે કોઈનેય ક્યાંય લઈ જવા નથી. પણ તરછોડાયેલા કોઈ આવે તો તે મૂઢતામાંથી જાગે છે ને વતન દેખાડે છે. આખી પૃથ્વી પર લાખો માઈલ પથરાયેલા રસ્તા માણસસૂના? બધા લોકો પોતાને વળગીને બેઠા છે ચસોચસ.

એક અધિકારીને અરજી મળી છે, 'અમારે હનીમૂન પર જવું છે, જઈએ?' અધિકારીએ શેરો માર્યો, 'જઈ શકો છો પણ સહશયન નહીં!' આ સમય જ એવો છે! મોનાલિસા હસે છે કે રડે છે એ સવાલનો ઉત્તર મને અચાનક સમજાવો શરૂ થયો! બિમલ રોય અને ઋત્વિક ઘટકની ફિલ્મોમાં ઘૂંટાયેલું એકાંત છાતી સમું આવી ગયું. તૈયબ મહેતાના કેન્વાસનો અવકાશ છાતીમાં શીંગડાં ઉછાળતો ઊતરી ગયો. પણ

આ બધા વચ્ચે અમારા ઘરમાં રહેતી બિલાડીને જોઉં છું. સામાન્યપણે તે ઘરના કોઈ ને કોઈ ખૂણે યા અમારી પથારી યા ખુરશી પર સૂતી રહે છે. ચોથા માળના અમારા ઘરમાં ક્યારેક નીચેથી કૂતરાના ભસવા યા લડવાનો અવાજ આવે તો સફાળી જાગે છે ને ફરી આંખ મીંચી જાય છે. મને આ બિલાડીને અને આમ કહો તો રોજ ગેલેરીમાં આવતા કાગડાની, ઝાડ પર દોડતી રહેલી ખિસકોલીની અને સાંજ થતાં હારબંધ ઊડતાં પંખીઓની ઈર્ષા આવે છે. તેમને કોઈ મહામારીની ખબર જ નથી. ફ્લોરા ફાઉન્ટનના રસ્તા પર સૂતેલા કૂતરાની તસવીર જોઉં છું. કૂતરાને ઇતિહાસની ખબર નથી પણ તે ઐતિહાસિક ઘટના બની રસ્તા પર સૂતો છે. કહે છે કે દેશમાં અનેક ઠેકાણે વન્યજીવો ઊતરી આવ્યા છે. નદીઓ નિરાંતજીવે પોતાના પાણીમાં વહી રહી છે અને તેનામાં વસતા જીવોને પણ નિરાંત છે. નદી જાણે પોતાની પવિત્રતાની ખોજમાં વહી રહી છે. તેના કિનારે પડેલી હોડીઓ હેલારી રહી છે. નદીનાં હેવાયાં પંખીઓ હોડી પર આવી સાંજે બેસે છે ને કશુંક ગાય છે ને નદીને જ તેની ભાષા સમજાય છે!

તસવીરોમાંથી તાકી રહેલાં મારાં બા-બાપુજીને તાકું છું. તેમણે હજુ પણ આ સમયમાં પાછાં વળવું છે ને હું તેમને કહું છું કે આ સમય તસવીર થવાનો છે ને તેમાં જ તમો છો તો તેમ જ રહો. હોસ્પિટલમાં કોઈ જોર જોરથી હાંફી રહ્યું છે ને તેમનાં ફેફસાં ધમણ બની ગયાં છે તેની તેમને ખબર જ નથી. તેમને એ પણ ખબર નથી કે આખું મનુષ્યત્વ અપરાધીના પિંજરમાં ઊભું છું. અત્યારે ફક્ત નિસર્ગ જ તેની આપલીલામાં છે. તૃણનો વિદ્રોહ રોજ જમીન પર ફૂટી નીકળે છે ને આંબા પર કેરી આવી છે ને કહે છે કોઈ મને અડો વિતેલાં વર્ષોની જેમ! ચીકુ તો રાહ જોઈ જોઈને પડી ગયાં. માણસોના હાથ ઊંચા થતા નથી અને ભીડેલી મુઠ્ઠીઓ ખૂલતી નથી.

હું આ સમયને ઇતિહાસમાં નોંધીશ કોરાં પાનાં રાખીને. જમણો હાથ ડાબાને અડતાં ડરતો હોય એવા સમય તરીકે નોંધીશ. તમે અમારા ઘરે નહોતા આવ્યા ને મેં પણ તમારા ઘર તરફ આવવા પગ ઉપાડ્યા નથી. માટીથી ઊગેલાં ધાનમાં માટી ભળી ગઈ છે. તમે આવ્યા હોત તો તમારી થાળીમાં મેં શું પીરસ્યું હોત? ઘરમાં ઘણી થાળીઓ વધારાની થઈ પડી છે. તમે આવો હવે ને સાથે પેલી નદીનાં જળ અને થોડો પવન લેતા આવજો. આટલું એકલું મને ક્યારેય નથી લાગ્યું. હું મારામાં એકલો ક્યાં સુધી પડ્યો રહીશ?

❑❑❑



# 'સોશ્યલ ડિસ્ટન્સિંગ' અને 'માસ્ક'

□ ધીરેન્દ્ર મહેતા

**પ્રિય ગિરા,**

સબ સલામત? કેવું લાગે છે? સલામતીનું કવચ ધારણ કરી લીધું? 'સોશ્યલ ડિસ્ટન્સિંગ' અને 'માસ્ક.' હા, તેમ છતાં, આપણને ખબર છે, કશુંક આપણી ચોતરફ હરીફરી રહ્યું છે, દેખાતું નથી પરંતુ એ છે એ બાબત કશો સંશય નથી. એણે પણ જાણે કે બુકાની ધારણ કરેલી છે એટલે ઓળખાતું નથી, એને 'કોવિડ ઓગણીસ', એવું નામ તો આપેલું છે પરંતુ આપણે એનો ઝાઝો પરિચય ક્યાં છે? એનાથી બચી જવાય, એવી લાગણી થયા કરે છે અને નહીં બચી શકાય એવી ભીતિ રહ્યા કરે છે...

શાનો છે આ ભય? સામૂહિક ભય. મૃત્યુનો? સામૂહિક મૃત્યુ. આમાં

કેટકેટલા લોકો સાથે છે, એ હકીકત કેટલું આશ્વાસન પૂરું પાડે છે! પરંતુ આ કોરોના જેવા જ, પણ એનાથી કંઈક જુદા, વાઈરસનોય મને અનુભવ છે; (તને છે, એમ પૂછવું છે પરંતુ પૂછી શકાતું નથી.) એનું તો નામ પણ પાડી શકાતું નથી કેમ કે એ નિજી અનુભવ છે, એકદમ નિજી. એ કોઈને કહી શકાતો નથી કે અન્ય કોઈ પાસેથી જાણી શકાતો પણ નથી, એટલો નિજી. અને એમાં સાથે હોય છે કેવળ તરફડાટ... એનાથી જે ભય લાગે છે તે જીવનનો ભય છે. અને એ ક્ષણે એમ સમજાય છે કે મૃત્યુ અને જીવન એટલાં જુદાં નથી જેટલાં આપણે માની લીધાં છે.

ગિરા, આ વાઈરસ પણ મારી ભીતર સંક્રમણ કરે છે, શ્વાસને રૂંધે છે, અદૃષ્ટ રહીને ભીંસ વધારે છે, ને ખતમ કરે છે. આમ કહું છું ને સાચો પ્રશ્ન ઊઠે છે, ખતમ કરે છે? તો આ વાઈરસ ફરીફરીને કોના પર હુમલો કરે છે? મૃત શરીર પર? સંક્રમણ કરે છે ને ફરીફરીને ભીંસમાં લે છે...

પહેલાં તો કેટલાય વખત સુધી મને એમ હતું કે હું એને ઓળખું છું. હું એના સંસર્ગમાં પણ હતી, છતાં એની મુખાકૃતિ માસ્કથી ઢંકાયેલી હોવાનો આ અંદેશો સુધ્ધાં મને નહોતો. શું કારણ હશે એવું? એની ફરતે કદાચ બીજાં આવરણ હતાં. એનો ફરફરાટ હતો. એમાંથી મંદમંદ સૂરાવલિઓ સંભળાતી હતી. એની વચ્ચે કલ્પનાની મદદથી હું એક મનગમતી મુખાકૃતિ રચતી હતી. એક મનોહર સ્વપ્નસૃષ્ટિ જેવું વાતાવરણ હતું... તને યાદ છે ગિરા, એ વખતે તેં મને ઉલ્લાસભેર કહ્યું હતું, 'તને મળેલા આ મુક્ત આકાશમાં હવે ઊડ્યા કરજે, પંખિણી!...' અને મેં એમ જ જેની સાથે ઊડ્યા કર્યું હતું એ મુખાકૃતિ હજીય મને દિવસના અજવાસમાં જોવા મળે છે ખરી, પરંતુ મને એવું લાગે છે, જાણે એણે માસ્ક ધારણ કરેલો છે...

દિવસ ઊગે છે, સૌમ્ય અરુણોદય સાથે! એ સૌહાર્દપૂર્ણ હવામાનમાં શ્વાસોચ્છ્‌વાસ ચાલે છે, કેટલી સહજતાથી! પરંતુ સાંજે નમે છે, અને એ બધું સંકેલાઈ જાય છે. દિવસનો અજવાસ ઝાંખોપાંખો થઈ જાય છે. હું સ્નાન કરું છું ત્યારે ત્વચા પરથી દદડતું પાણી જાણે ત્વચાને પણ પોતાની સાથે લઈ જાય છે. નાઈટી પહેરીને બાથરૂમમાંથી બહાર નીકળતી વખતે એમ થાય છે કે જાણે એ પહેર્યા વિના જ નીકળી રહી છું. ગિરા, આ રાત્રિવસ્ત્રો કેટલુંબધું ઢાંકી દે છે અને કેટલુંબધું ખુલ્લું પાડી દે છે, નહીં?

...આવી એક શૃંખલા હતી મારા દિવસ અને મારી રાતની ફરતે વીંટળાયેલી અને બંધાયેલી... એને કોરોનાએ તોડી નાખી! અમારા બેડરૂમ અલગ થઈ ગયા છે- 'સોશ્યલ ડિસ્ટન્સિંગ.' અને અમે બન્ને માસ્ક પહેરીને હરીએફરીએ છીએ- બન્ને, હું પણ. અદૃષ્ટ નહીં,

દષ્ટિગોચર માસ્ક.

ગિરા, લે, આ સુખદ સમાચાર! મને કોરોનાએ આપેલી ભેટ! હવે ભલે રાત પડે, હું બચી ગઈ છું, કદાચ સુરક્ષિત છું.

* * *

કોવિડ ઓગણીસથી દુનિયાભરમાં થઈ રહેલાં મોતના આંકડા વાઈરસની જેમ ધસમસતા આવી રહ્યા છે. કેવી કેવી વિચિત્ર ઘટનાઓ ઘટે છે! અમારી સામેની વસાહતના એક ઝૂંપડામાં એક સ્ત્રી વરસોથી કોમામાં જીવી રહી છે. હા, જીવી રહી છે કારણ કે શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યા છે. એનો પતિ એની ખૂબ કાળજી લઈ રહ્યો છે, સહુ જુએ છે. પરંતુ એની પથારી પાસે ઊભા રહેલા એના પતિને જોઉં ને મને એમ થાય કે ચાલી રહેલા એ શ્વાસ બંધ થાય એની રાહ એ જોઈ રહ્યો છે. અને શું બન્યું, ખબર છે? એનો પતિ કોરોનોમાં ગયો અને એ સ્ત્રીના શ્વાસોચ્છ્વાસ હજુ ચાલી રહ્યા છે. હવે એની પાસે કોઈ જાય છે કે કેમ, તેની ખબર નથી- ક્વોરન્ટાઈન! જે અચેત અસ્તિત્વ સામેથી એનો સ્વામી ખસવા તૈયાર નહોતો એને અદૃષ્ટ કોરોના ઘડીના છઠ્ઠા ભાગમાં કેટલો આઘો ખેંચી ગયો!

એનું મૃત્યુ થશે ત્યારે એનો સમાવેશ જાહેર થઈ રહેલા આંકડામાં હશે? અને મારો? સાજી થઈ ગયેલી વ્યક્તિઓમાં?

- અમી

❑❑❑


# 'નવનીત-સમર્પણ'માં જાહેરખબર

જીવન, સંસ્કાર અને સાહિત્યના સામયિક તરીકે 'નવનીત સમર્પણ' શુભ અને સુંદર વિચારોનો પ્રસાર કરે છે તે આપ સૌ જાણો છો. ભારતીય સંસ્કૃતિનાં શાશ્વત મૂલ્યોના જતન-સંવર્ધન સાથે જીવનના આધુનિક પ્રવાહોનું સન્માન કરતા આ સામયિકમાં જાહેરખબર મોકલી આ ઉમદા કાર્યમાં સહભાગી થઈ શકો છો.

**જાહેરખબરના દર આ પ્રમાણે છેઃ**

**જાહેરખબરના દર**

| | |
|---|---|
| આખું પાનું (Colour) | રૂ. 9,000/- |
| આખું પાનું B/W | રૂ. 5,000/- |
| અડધું પાનું (Colour) | રૂ. 5,000/- |
| અડધું પાનું B/W | રૂ. 3,000/- |
| બીજું/ત્રીજું મુખપૃષ્ઠ (4 Colours) | રૂ. 11,000/- |
| પાછલું મુખપૃષ્ઠ | રૂ. 12,000/- |

**અન્ય વિગતો :**

**આખું પાનું**

કુલ સાઈઝ 19.5 સે.મી. X 13.5 સે.મી.
પ્રિન્ટ એરિયા 15.5 સે.મી. X 10.5 સે.મી.

**અડધું પાનું**

આડું પાનું 8.0 સે.મી. X 10.5 સે.મી.
ઊભું પાનું 15.5 સે.મી. X 5 સે.મી.
બ્રોમાઈડ, આર્ટપુલ, આર્ટવર્ક B/W જા.ખ. માટે 4 કલરની (રંગીન જા.ખ. માટે), સી.ડી.
છાપકામઃ કાગળની જાત ઉપર




# કોરોના સાથે કાલ્પનિક મુલાકાત

☐ મહેશ શાહ

*ભારત સહિત વિશ્વભરમાં મહામારી બનેલા અને લાખો લોકોનો ભોગ લેનાર કોરોનાએ આજે સૌ પ્રથમવાર અમદાવાદના એક પત્રકારને ફેસબુક લાઈવ ઇન્ટરવ્યુમાં બેધડક જવાબ આપ્યો: "હું ડેડલાઇન વિનાનો વાઈરસ છું... બધાં મોતને દોષ કોરોનાને આપો એ યોગ્ય નથી."*

*જવાબ ચિંતા ઉપજાવનારો છે.*

*જોકે જરાય ગભરાવાની જરૂર નથી.*

*કારણ એ કે કોરોનાએ આ જવાબ એક કાલ્પનિક મુલાકાતમાં આપ્યો છે.*

*વાંચો, તમે પણ.*

***પત્રકાર:*** *નમસ્તે કોરોનાજી. અત્યાર સુધી તમે કયાં હતા? અચાનક આપત્તિ રૂપે પ્રગટ થયા અને વિશ્વમાં ઉત્પાત અને ઉચાટ મચાવી દીધો. અમારા ભારતને પણ છોડ્યું નહીં.*

કોરોના: તમે મને આપત્તિ કહ્યો છે એટલે કહી દઉં કે આપત્તિ કોઈને કહીને આવતી નથી. અમારા રિલેટિવ વાઈરસ બર્ડ ફ્લુ, સ્વાઇન ફ્લુએ કોઈ સંકેત આપીને એન્ટ્રી કરી હોય તો એમની ઇચ્છા-મરજી છે....મારો સ્વભાવ જુદો છે. બીજી વાત એ કે હું સ્વર્ગ કે નરકમાંથી અવતર્યો નથી. આ દુનિયામાં જ ક્યાંક રહેતો હતો.

***પત્રકાર:*** *તમારા લીધે વિશ્વભરમાં લાખો લોકો મૃત્યુ પામ્યા છે. લાખો લોકો પીડાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ તમને એટલે કે કોરોનાને મહામારી ગણાવી છે.*

કોરોના: તો શું થયું? તમે એવું કહો છો, જાણે મારા પર કોઈએ મોટું ઇનામ જાહેર કર્યું હોય.

***પત્રકાર:*** *આપણે ઇનામની નહીં ઇમાનની વાત કરીએ. તમે ખરેખર શું ઇચ્છો છો?*

કોરોના: કશું જ નહીં. હું કશું મેળવવા માટે કોઈને પરેશાન કરવાની આદત ધરાવતો નથી. તમે પત્રકાર છો એટલે ખબર હશે કે વિશ્વમાં અકસ્માત, વ્યસન, હૃદયરોગ, કેન્સરથી રોજ લોકો મૃત્યુ પામે છે. ભારતમાં પણ વર્ષે એકાદ કરોડ લોકો મૃત્યુ પામે છે.

***પત્રકાર:*** *તો શું તમે એની હરીફાઈ કરવા માગો છો?*

કોરોના: ના રે ના. હરીફાઈ કરવાનો મારો સ્વભાવ નથી. હું એટલું જરૂર કહીશ કે બધાં મોત માટે કોરોનાને દોષ આપવો યોગ્ય નથી. અમુક વૃદ્ધ લોકો ગંભીર બીમારીના લીધે પણ મૃત્યુ પામ્યા છે. એમાં મારો શું વાંક?

***પત્રકાર:*** *વેબસાઇટ ચેક કરો તો ખબર પડશે કે દુનિયામાં લગભગ 98 લાખ લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા. ભારતમાં લગભગ 16,000 લોકો કોરોનાથી મૃત્યુ પામ્યા. મારે જાણવું છે કે કોરોનાની કાતિલ રમત ક્યાં સુધી ચાલશે?*

કોરોના: હું ડેડલાઇન વિનાનો વાઈરસ છું.

***પત્રકાર:*** *તમે ભલે ડેડલાઇનથી દૂર રહો..પણ અમેરિકા-ઇટાલી વગેરે દેશોમાં ડેડ બોડીના ખડકલા થયા છે. દુનિયાના દરેક મીડિયાની હેડલાઇનમાં કોરોના ચમક્યો છે.*

કોરોના: તો હું શું કરું?

***પત્રકાર:*** *તમે જવાબ ટાળી રહ્યા છો. મને કહો, અમે કોઈએ તમારું કંઈ બગાડ્યું છે?*

કોરોના: ના, મેં એવું ક્યાં કીધું છે...અને મારું બગાડનારનું હું અહિત કરતો નથી. પણ મારે તમને અને દુનિયાને એક વાત ચોક્કસ કહેવી છે કે કોરોના આવ્યા પછી વિશ્વમાં પરિવર્તન આવ્યું છે. સમાજ કે દુનિયાને સુધારવાની કોઈની કે મારી પણ તાકાત નથી. પરંતુ કોરોના પછી સૌની આહારવિહારની આદતો અને જીવનશૈલી બદલાઈ છે. ઓછી વસ્તુ અને ઓછા ખર્ચથી લોકો જીવી શકે છે. સ્વાસ્થ્ય જાગૃતિ, સોશિયલ ડિસ્ટન્સિંગ, પારિવારિક જીવન...એ બધું કોરોનાના લીધે લોકો શીખ્યા છે.

***પત્રકાર:*** *થેન્કયુ કોરોનાજી. પણ તમે જે કહ્યું એ... અને એનાથી અનેકગણી અધિક વાતો અમારા અનેક ધાર્મિક ગ્રંથોમાં લખેલી છે.*

કોરોના: તો પાળતા કેમ નથી?

***પત્રકાર:*** *એ સ્વૈચ્છિક છે. અમારા ઘણા સંતો આજેય સ્વેચ્છાએ સાદગીભર્યું જીવન જીવે છે.*

કોરોના: ઓ.કે. તમારી આ વાત સ્વીકારી લીધી. હવે એક સવાલ હું તમને પૂછું. ઘણા દેશોએ રોબોટ બનાવ્યા. ચંદ્ર પર પગ મૂક્યો. આર્ટીફીશીયલ ઇન્ટેલિજન્સ વિકસાવી. પણ કોઈ દેશ કોરોનાવિરોધી રસી કેમ બનાવી શક્યો નથી? કહાં ગયે વો લોગ?

***પત્રકાર:*** *કોરોનાજી, થોડી રાહ જુઓ. તમને મહાત કરે એવી રસી વિશે અમારા ભારતમાં પણ સંશોધન થઈ રહ્યું છે. પરંતુ અત્યારે સમય તમારો છે. તમે પાંચેક મહિનાથી દુનિયા પર રાજ કરો છો. દુનિયામાં લગભગ તમામ લોકો રોજ અનેકવાર તમારું નામ બોલતા હશે.. આ સદીમાં કોરોના શબ્દને સૌથી વધુ પોપ્યુલારિટી મળી છે.*

કોરોના: આભાર... પણ આવો વિચાર મને આવ્યો નથી. હું આઈડેન્ટિટી ક્રાઇસિસથી પીડિત નથી. તેમજ આવી પોપ્યુલારિટીથી હરખાતો પણ નથી.

***પત્રકાર:*** *તો તમને કોઈએ સોપારી આપી હશે?*

કોરોના: (ગુસ્સે થઈને) શું કહ્યું તમે?.. તમે ખોટો આક્ષેપ કરી રહ્યા છે. મારું અપમાન કરો છો. તમે શબ્દો પાછા ખેંચો..તમે નેગેટિવ રહેશો તો મને પોઝિટિવ થતાં આવડે છે.

***પત્રકાર:*** *કોરોનાજી, સોરી-સોરી... મારો કહેવાનો મતલબ હતો કે...*

કોરાના: ઓ.કે. તો આજે તમારા માધ્યમથી હું કહેવા માંગીશ કે મને અન્ડર વર્લ્ડ કે ઓપન વર્લ્ડમાંથી કોઈએ સોપારી આપી નથી. સોપારી ફોડવાના હીન કામ કરતો નથી.

***પત્રકાર:*** *તો તમને કોઈ સપોર્ટ કરતું હોય એવું કેમ ઘણાને લાગે છે?*

કોરોના: પત્રકાર થઈને સ્પષ્ટ પૂછી લો કે મને ચીન સપોર્ટ આપે છે કે નહીં એ જાણવું છે. મારો જવાબ છે- મને કોઈ સપોર્ટ કરતું નથી. ઇવન, કોઈ ગ્રહ, સાયન્ટિસ્ટ, પોલિટિશિયન, ફાર્મા કંપની વગેરે મને મદદ કરતાં નથી.

***પત્રકાર:*** *તમારા લીધે અમારાં ધાર્મિક સ્થાનો અને સંતોનાં દર્શન બંધ થયાં છે.*

કોરોના: પણ, ભક્તિ તો ઘેરબેઠાં પણ થઈ શકે છે. મન ચંગા તો કથરોટમાં ગંગા.

***પત્રકાર:*** *તમારું વાંચન સારું લાગે છે. તમારા સ્પિરિચ્યુઅલ લીડર કોણ છે?*

કોરોના: નીડરને કોઈ લીડરની જરૂર પડતી નથી.

***પત્રકાર:*** *કોરોનાથી આખી દુનિયા ડરે છે. તો કોરોના કોનાથી ડરે છે?*

કોરોના: હું કોઈનાથી ડરતો નથી. જોકે એક અંગત વાત કહીશ. કોરોનાવિરોધી રસી બનાવવા માટે ઘણા સાયન્ટિસ્ટો પ્રયાસો કરે છે. એમાં એનિમલ પર ડ્રગ ટ્રાયલ થાય ત્યારે અબોલ જીવોએ અસહ્ય પીડા વેઠવી પડે છે. એ જાણીને મને ખૂબ દુઃખ થાય છે.

***પત્રકાર:*** *કોરોનાકુમાર, તમને અબોલ જીવોની પીડાનું દુઃખ છે. તો લાખો માનવીનાં મોતનું કેમ દુઃખ થતું નથી? અનેક બાળકો, યુવાનો અને વૃદ્ધો પખવાડિયાની ટૂંકી માંદગીમાં મોતને ભેટ્યાં છે. વિશ્વમાં વ્યાપાર-વ્યવહાર અટકી પડ્યા છે. અનેક દેશો ભારે આર્થિક મંદીમાંથી પસાર થઈ રહ્યા છે. અનેક લોકો બેકાર બન્યા છે. તમારો પ્રકોપ દુનિયાએ હજી કેટલો સહન કરવો પડશે?*

કોરોના: તમે ઇન્ટ્રોગેશન કરતા હો એવું લાગો છે.

***પત્રકાર:*** *ના, હું તો ઇન્વેસ્ટિગેટ કરું છું. બી પોઝિટિવ...*

કોરોના: યસ. હું પણ પોઝિટિવ થઈશ. જોકે હું પોઝિટિવ થાઉં તો બધા ભાગવા માંડે છે.

***પત્રકાર:*** *સાચી વાત છે. કોરોનાના લીધે પોઝિટિવ શબ્દથી ઘણાને ભય લાગે છે.*

કોરોના: ઓ.કે. તમે મારો ડર રાખ્યા વિના કહો કે દુનિયામાં આજકાલ શું ચાલે છે?

***પત્રકાર:*** *દુનિયાનો એક મુદ્દાનો કાર્યક્રમ છે - કોરોના હટાવ. હવે તમે મને કહો કે કોરોના દુનિયામાંથી ક્યારે વિદાય લેશે?*

કોરોના: ઓહ. તમારે ન્યુઝ બ્રેકિંગ કરવા લાગે છે.

***પત્રકાર:*** *ખાસ એવું નહીં, જસ્ટ રૂટીન ક્વેશ્ચન હતો.*

કોરોના: એવું કરો, પહેલાં કોઈ એસ્ટ્રોલોજર કે વિદ્વાન સંત-મહાત્માને પૂછી લો... જયોતિષીઓ ભલે કોરોના પ્રકોપની આગાહી ન કરી શક્યા. કોરોના વિદાયની આગાહી કરવાનો હજી એક મોટો ચાન્સ આપું છું.

***પત્રકાર:*** *એ છોડો. પણ, સાચું કહો, કોરોના પોતાની મેળે ક્યારે પાછો જશે? આને અમારી સૌની વિનંતી સમજજો.*

કોરોના: ફરી ફરીને કહું છું કે હું ડેડલાઇન વિનાનો વાઈરસ છું.

(થોડીવાર વિચારીને) ચલો, જતાં જતાં છેલ્લે તમે મને કહી દો કે દુનિયા કોરોના વિશે શું ઇચ્છે છે?

***પત્રકાર:*** *કોરોના ઘરમાં રહે... દરમાં રહે કે ઉદરમાં રહે... કોરોના સ્વંય સુરક્ષિત રહે અને દુનિયાને રહેવા દે... અમારે ફરી બહાર નીકળવું છે... કોરોનાને ભૂલી જવો છે.*

કોરોના: વેલ, એ મારા હાથમાં નથી. પણ જતાં જતાં કહીશ કે દુનિયા મને સમજી શકી નથી. તમારી જેમ હું કુદરતી ક્રમનો હિસ્સો છું. તમે નાટક-ફિલ્મ-સિરિયલોમાં વિલન જુઓ છો... હું પણ એવી કુદરતી કામગીરી નિભાવું છું. મારે કોરોના બનીને જન્મ લેવો પડ્યો છે. મારા ભાગે દુનિયામાં પ્રકોપ આપવાનું.... પીડા આપવાનું આવ્યું. એ નિભાવું છું. તમારે સૌએ સહન કરવાનું છે. મેં દુનિયા પાસેથી ઘણું લીધું છે... થોડું આપ્યું પણ ખરું. કોરોનાનું નામ ભલે આખી દુનિયામાં ગાજે છે.... પણ એમાં મને યશ નહીં, અપયશ મળી રહ્યો છે.

***પત્રકાર:*** *કોરોનાજી, હું તમારી વેદના સમજી શકું છું. પણ, હવે તમારી ભૂમિકાને કાયમ માટે ટૂંકાવી દો એવું અમે સૌ ઇચ્છીએ છીએ. ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.*

❑❑❑